# એન. એન. એસ. યુનિટ ની વાર્ષિક શિબિર નો અહેવાલ

- **કોલેજ નું નામ:**

  **શ્રી વી. આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણા**

- **વાર્ષિક શિબિર ની તારીખ**

  **તા. – ૧૦ ઓગષ્ટ ૨૦૧૭ થી ૧૬ ઓગષ્ટ ૨૦૧૭**

- **વાર્ષિક શિબિર નું સ્થળ:**

  **જલોયા, તા. સૂઈગામ, જી. બનાસકાંઠા**

- **વાર્ષિક શિબિર માં ભાગ લેનાર સ્વયંસેવક ભાઈ-બહેનો ની સંખ્યા: ૧૦૦**

- પ્રોગ્રામ ઓફિસર ના નામ:

  ૧. ડો. એચ. એસ. વિરમગામી

  ૨. પ્રો. જે. આઈ. પ્રજાપતિ

# (૧) તા. ૧૦ ઓગષ્ટ ૨૦૧૭ - ગુરુવાર:

- સવારે ૧૧.00 કલાકે કોલેજ, મહેસાણા થી જલોયા જવા આઇસર અને ગાડી માં ૧૦૦ સવ્યંસેવકો અને બે પ્રોગ્રામ ઓફિસર નીકળ્યા.




- બપોરે ૧.30 કલાકે રાધનપુર મુકામે ક્રિષ્ના કાઠિયાવાડી હોટેલ માં ભોજન માટે હોલ્ટ કર્યો.




- સાંજે ૫.00 કલાકે જલોયા ગામમાં પ્રાથમિક શાળા માં આગમન, સ્વયંસેવક ભાઈ-બહેનો ને રહેઠાણ માટે રૂમ ની ફાળવણી, રસોડા ની ગોઠવણ અને રહેઠાણ વ્યવસ્થા માટે જરૂરી સાધન સામગ્રી ની યોગ્ય ગોઠવણ કરવામાં આવી.

- સાંજે ૬.00 કલાકે સ્વયંસેવક ભાઈ-બહેનો ની પ્રથમ સભા, ટિમ ની રચના, એન. એન. એસ. કેપ તથા ડાયરી નું વિતરણ અને જરૂરી સૂચનાઓ આપી, સરપંચ શ્રી થાનાજી કાજાજી ડોડીયા અને નયાબ સરપંચ શ્રી નગજીભાઇ ખોડાભાઈ ઠાકોર સાથે સ્વયંસેવક ભાઈ-બહેનો ની મુલાકાત યોજવામાં આવી. મુલાકાત ૭.00 વાગે પૂરી થઈ.




- સરપંચ અને નાયબ સરપંચ શ્રી દ્વારા સ્વયંસેવકો ને જલોયા ગામ માં પૂર ને લીધે થયેલ નુકશાન, સ્વચ્છતાની જરૂરિયાત અને ગામ ની રહેણી-કહેણી થી માહિતગાર કરવામાં આવ્યા.
- રાત્રે ૮.૦૦ કલાકે ભોજન કાર્યક્રમ ગોઠવવામાં આવેલ



- ભોજન કાર્યક્રમ બાદ રાત્રે ૯.૦૦ થી ૧૦.૦૦ કલાક દરમિયાન બીજા દિવસ ના કાર્યક્રમ ની માહિતી આપવામાં આવી અને આરામ માટે છૂટા પડ્યા.

## (૨) <u>તા. ૧૧ ઓગષ્ટ ૨૦૧૭ - શુક્રવાર</u>:

- સવારે ૫.૩૦ થી ૮.૦૦ કલાક દરમિયાન પ્રભાત ફેરી, યોગ, ચા – નાસ્તો, પ્રાથના સભા, સ્નાનાદિ અને દૈનિક પ્રવૃતિ નું આયોજન કરવામાં આવ્યું.




- સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન ગામમાં આગમન રેલી, ગામની મુલાકાત અને રાત્રે શિબિર ઉદઘાટન કાર્યક્રમ માં હાજર રહેવા ગ્રામજનોને આમંત્રણ આપવામાં આવ્યું. આગમન રેલી ને સરપંચ અને નાયબ સરપંચ દ્વારા પ્રયાણ આપવામાં આવ્યું.




- બપોરે ૧૨.૩૦ થી ૨.૦૦ કલાક ભોજન કાર્યક્રમ ગોઠવવામાં આવેલ.



- બપોરે ૨.૦૦ થી ૪.૩૦ કલાક દરમિયાન સ્વયંસેવકો દ્વારા પ્રાથમિક શાળામાં પ્રવેશ ના રસ્તામાં કીચડ હતો, તે સાફ કરી, બ્લોક ગોઠવી પ્રવેશ નો રસ્તો કરવામાં આવ્યો અને શાળા ની સફાઈ કરવામાં આવી.




- જલોયા ગામમાં પીવાના પાણી ની કેનાલ વરસાદ ને કારણે તૂટી ગઈ હોવાથી, રોજ ટેન્કર મારફતે પીવાના અને રસોઈ બનવાના પાણી વ્યવસ્થા કરવામાં આવી.



- સાંજે ૫.૦૦ થી ૬.૦૦ કલાક દરમિયાન શિબિર ઉદઘાટન કાર્યક્રમની તૈયારી કરવામાં આવી.



- રાત્રે ૭.00 કલાકે ભોજન કાર્યક્રમ બાદ, ૮.30 થી ૧૧.00 કલાક દરમિયાન શિબિર ઉદઘાટન કાર્યક્રમ યોજવામાં આવ્યો. શિબર ઉદઘાટન માં મુખ્ય મહેમાન તરીકે સરપંચ શ્રી થાનાજી કાજાજી ડોડીયા અને અતિથિ વિષેશ તરીકે નાયબ સરપંચ શ્રી નાગજીભાઇ ખોગાભાઈ ઠાકોર, જલોયા દૂધ ઉત્પાદક મંડળીના મંત્રી શ્રી મૂળજીભાઇ રામજીભાઇ ડોડીયા, જલોયા પ્રાથમિક શાળા ના શિક્ષકો શ્રી નરેશભાઇ કાજાજી ડોડીયા અને તેજસભાઈ પટેલ. જલોયા ગામના સામાજિક કાર્યકર શ્રી સુજાભાઈ પથુભાઇ રાજપૂત, મહેસાણા શહેરના સામાજિક કાર્યકર શ્રી જયરંભાઈ ટી. પટેલ હજાર રહ્યા હતા. સ્વયંસેવકો દ્વારા પ્રાથના અને સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું અને મહેમાનો ના હસ્તે દીપ પ્રાગટ્ય કરી, ઉદઘાટન કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી.






- મહેમાનોનું નું સૂતર ની આંટી અને મોમેન્ટો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.




- મહેમાનો ના સ્વાગત બાદ પ્રો. જે. આઈ. પ્રજાપતિએ શિબિરની પ્રવૃતિઓના આયોજન અંગે વાત કરી અને મુખ્ય મહેમાન તથા અન્ય આમંત્રિત મહેમાનો એ પ્રસંગ ને અનુરૂપ પ્રવચન આપ્યું.





- પ્રો. જે. આઈ. પ્રજાપતિએ આભારવીધી રજૂ કરી અને શિબિર ઉદઘાટન કાર્યક્રમ પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવ્યો.



## (૩) તા. ૧૨ ઓગષ્ટ ૨૦૧૭ - શનિવાર:

- સવારે ૫.૩૦ થી ૮.૦૦ કલાક દરમિયાન પ્રભાત ફેરી, યોગ, ચા – નાસ્તો, પ્રાથના સભા, સ્નાનાદિ અને દૈનિક પ્રવૃતિ નું આયોજન કરવામાં આવ્યું.




- સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન ગ્રામ સફાઈ, ગામાં ભરાયેલ પાણી નો નિકાલ, બાવળ જેવા વધારાના વૃક્ષોનો નિકાલ અને શાળા ની સફાઈ નો કાર્યક્રમ તથા બહેનો ની એક ટિમ તથા રસોઈ સ્ટાફ દ્વારા બપોર ના ભોજન ની તૈયારી કરવામાં આવી.






- બપોરે ૧૨.૩૦ થી ૨.૦૦ કલાક ભોજન કાર્યક્રમ ગોઠવવામાં આવેલ.
- બપોરે ૨.૦૦ થી ૪.૦૦ કલાક શાળા ના અભ્યાસ કરતાં બાળકો ને ક્લાસમાં સ્વયંસેવકો દ્વારા સ્વચ્છતા અને આરોગ્ય અંગે પ્રાથમિક માહિતી આપવામાં આવી તથા કોલેજ ના વિદ્યાથી ભાઈ-

બહેનો દ્વારા એકત્રિત કરેલ બાળકોના કપડાં, લાંચબોક્સ અને વોટર બેગ કેમ્પ માં લાવેલ, જેનું શાળાના બાળકોને વિતરણ નાયબ સરપંચને હસ્તે કરવામાં આવ્યું.








- સાંજે ૪.૩૦થી ૬.૩૦ કલાક દરમિયાન રાત્રિ ના સાંસ્કુતિક કાર્યક્રમ ની તૌયારી કરવામાં આવી અને બહેનો ની એક ટિમ તથા રસોઈ સ્ટાફ દ્વારા સાંજ ના ભોજન ની તૈયારી કરવામાં આવી.



- રાત્રે ૭.૦૦ કલાકે ભોજન કાર્યક્રમ બાદ, ૮.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન સાંસ્કુતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો. સાંસ્કુતિક કાર્યક્રમ માં પ્રાથના, સામાજિક જાગૃતિ ના નાટકો, એક પાત્રિય અભિનય, ફિલ્મી ડાન્સ, ગીત વગેરે મનોરંજન કાર્યક્રમો પ્રાથમિક શાળા ના મેદાનમાં યોજવામાં આવ્યા.






- રાત્રે સાંસ્કુતિક કાર્યક્રમ બાદ સ્વયંસેવકો સાથે મિટિંગ યોજવામાં આવી, પ્રાથના કરવામાં આવી અને ત્યાર બાદ રહેઠાણ વ્યવસ્થાએ સ્વયંસેવકો આરામ માટે ગયા.



## (૪) તા. ૧૩ ઓગષ્ટ ૨૦૧૭ - રવિવાર:

- સવારે ૫.૩૦ થી ૮.૦૦ કલાક દરમિયાન પ્રભાત ફેરી, યોગ, ચા – નાસ્તો, પ્રાથના સભા, સ્નાનાદિ અને દૈનિક પ્રવૃતિ નું આયોજન કરવામાં આવ્યું.




- સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન ગ્રામ સફાઈ, ગામાં ભરાયેલ પાણી નો નિકાલ, બાવળ જેવા વધારાના વૃક્ષોનો નિકાલ, પુનઃસ્થાપના માટે પ્રયત્ન અને ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન (૬૬ કેવી સબ-સ્ટેશન) ની સફાઈ અને મુલાકાત નો કાર્યક્રમ તથા બહેનો ની એક ટિમ તથા રસોઈ સ્ટાફ દ્વારા બપોર ના ભોજન ની તૈયારી કરવામાં આવી.








- બપોરે ૧૨.૩૦ થી ૨.૦૦ કલાક ભોજન કાર્યક્રમ ગોઠવવામાં આવેલ.
- બપોરે ૨.૦૦ થી ૬.૩૦ કલાક દરમિયાન ૪૦ સ્વયંસેવકો ની ટીમ નડેશ્વર માતાજીનાં મંદિર ની સફાઈ માટે મોકલવામાં આવી. નડેશ્વર માતાજી ના મંદિર જવા માટે ટ્રેક્ટરની વ્યવસ્થા સરપંચ દ્વારા કરવામાં આવી હતી.






- બપોરે ૨.૦૦ થી ૪.૦૦ કલાક ૬૦ સ્વયંસેવકો દ્વારા ગામમાં આરોગ્ય સભાનતા, વ્યસનમુક્તિ અને સામાજિક કુરિવાજો નાબૂદી અંગે સૂત્રોચ્ચાર સાથે રેલી કાઢવામાં આવી.




- સાંજે ૪.૩૦ થી ૬.૩૦ કલાક દરમિયાન રાત્રિ ના સાંસ્કુતિક કાર્યક્રમ ની તૌયારી કરવામાં આવી અને બહેનો ની એક ટિમ તથા રસોઈ સ્ટાફ દ્વારા સાંજ ના ભોજન ની તૈયારી કરવામાં આવી.
- રાત્રે ૭.૦૦ કલાકે ભોજન કાર્યક્રમ બાદ, ૮.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન સાંસ્કુતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો. સાંસ્કુતિક કાર્યક્રમ માં પ્રાથના, સામાજિક જાગૃતિ ના નાટકો, એક પાત્રિય

અભિનય, ફિલ્મી ડાન્સ, ગીત વગેરે મનોરંજન કાર્યક્રમો પ્રાથમિક શાળા ના મેદાનમાં યોજવામાં આવ્યા.







- રાત્રે સાંસ્કુતિક કાર્યક્રમ બાદ સ્વયંસેવકો સાથે મિટિંગ યોજવામાં આવી, પ્રાથના કરવામાં આવી અને ત્યાર બાદ રહેઠાણ વ્યવસ્થાએ સ્વયંસેવકો આરામ માટે ગયા.



## (૫) તા. ૧૪ ઓગષ્ટ ૨૦૧૭ - સોમવાર:

- સવારે ૫.30 થી ૮.00 કલાક દરમિયાન પ્રભાત ફેરી, યોગ, ચા – નાસ્તો, પ્રાથના સભા, સ્નાનાદિ અને દૈનિક પ્રવૃતિ નું આયોજન કરવામાં આવ્યું.




- સવારે ૮.30 થી ૧૨.30 કલાક દરમિયાન ગામ ની જરૂરિયાત મુજબ સ્વચ્છતા અને અસરગ્રસ્તોની પુનઃસ્થાપના માટે સ્વયંસેવકો દ્વારા પ્રયત્નો કરવામાં આવ્યા તથા બહેનો ની એક ટિમ તથા રસોઈ સ્ટાફ દ્વારા બપોર ના ભોજન ની તૈયારી કરવામાં આવી.




- બપોરે ૧૨.30 થી ૨.00 કલાક ભોજન કાર્યક્રમ ગોઠવવામાં આવેલ.
- બપોરે ૨.00 થી ૪.00 કલાક શાળા ના અભ્યાસ કરતાં બાળકો ને ક્લાસમાં સ્વયંસેવકો દ્વારા કક્કો, એકડી, ABCD  બોલવામાં આવી અને વિવિધ રમતો રમાડવામાં આવી.




- કોલેજ ના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પોત-પોતાના ઘરે અને આજીબાજુના વિસ્તારોમાંથી કપડાં, ગરમ કપડાં, ચંપલ, બુટ, ચાદર, ગાદલાં વગેરે એકત્રિત કરેલ, જે કેમ્પ માં લાવેલ અને તેનું વિતરણ ગ્રામજનોને ૨.૦૦ થી ૫.૦૦ કલાક દરમિયાન નાયબ સરપંચને હસ્તે કરવામાં આવ્યું.









- સાંજે ૫.૦૦ થી ૬.૩૦ કલાક દરમિયાન રાત્રિ ના સાંસ્કુતિક કાર્યક્રમ ની તૌયારી કરવામાં આવી અને બહેનો ની એક ટિમ તથા રસોઈ સ્ટાફ દ્વારા સાંજ ના ભોજન ની તૈયારી કરવામાં આવી.



- રાત્રે ૭.૦૦ કલાકે ભોજન કાર્યક્રમ બાદ, ૮.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન સાંસ્કુતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો. સાંસ્કુતિક કાર્યક્રમ માં પ્રાથના, સામાજિક જાગૃતિ ના નાટકો, એક પાત્રિય અભિનય, ફિલ્મી ડાન્સ, ગીત વગેરે મનોરંજન કાર્યક્રમો પ્રાથમિક શાળા ના મેદાનમાં યોજવામાં આવ્યા.






- રાત્રે સાંસ્કુતિક કાર્યક્રમ બાદ સ્વયંસેવકો સાથે મિટિંગ યોજવામાં આવી, પ્રાથના કરવામાં આવી અને ત્યાર બાદ રહેઠાણ વ્યવસ્થાએ સ્વયંસેવકો આરામ માટે ગયા.



## (૬) <u>તા. ૧૫ ઓગષ્ટ ૨૦૧૭ - મંગળવાર</u>:

- સવારે ૫.૩૦ થી ૮.૦૦ કલાક દરમિયાન પ્રભાત ફેરી, યોગ, ચા – નાસ્તો, પ્રાથના સભા, શાળાના મેદાન ની સફાઈ, સ્નાનાદિ અને દૈનિક પ્રવૃતિ નું આયોજન કરવામાં આવ્યું.
- સવારે ૮.૦૦ થી ૮.૪૫ કલાક દરમિયાન પ્રાથમિક શાળા માં ૧૫ મી ઓગષ્ટ ની ઉજવણીનો કાર્યક્રમ રાખવામા આવેલ. કાર્યક્રમમાં સરપંચશ્રી, નાયબ સરપંચશ્રી, શાળાના આચાર્ય, શાળાના સ્ટાફ, એન.એસ.એસ. યુનિટ ના સ્વયમસેવકો, શાળાના વિદ્યાર્થીઓ અને ગ્રામજનો હાજર રહ્યા. સરપંચશ્રી ના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું અને સ્વયમસેવકો તથા શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તિરંગા ગાન, વંદેમાતરમ ગાન અને રાષ્ટ્રગીત ગાવામાં આવ્યું.





- સરપંચશ્રી ની ભલામણ ને લીધે સીમા સુરક્ષા દળ, નાડાબેટ મુકામે એન.એસ.એસ. યુનિટ ના સ્વયમસેવકો ને સ્વાતંત્રદિવસ ની ઉજવણી તેમજ સાંસ્કુતિક કાર્યક્રમ માં ભાગ લેવા માટે આમંત્રણ મળેલ. આમંત્રણ ને માન આપીને, સવારે ૮.૪૫ કલાકે સ્વયમસેવકો સુરક્ષા દળ, નાદાબેટ ટ્રેક્ટર અને બે ગાડી મારફતે રવાના થયા.




- સવારે ૯.૧૫ કલાકે સીમા સુરક્ષા દળ, નાડાબેટ પહોચ્યા અને ધ્વજવંદન કાર્યક્રમ માં હાજરી આપી. ધ્વજવંદન કાર્યક્રમ બાદ, સ્વયમસેવકો દ્વારા દેશભક્તિ ના ગીત, નૃત્ય અને જન્માષ્ટમી ના તહેવાર નિમિતે ડાન્સ ક્રાયક્રમ રજૂ કરવામાં આવ્યો.











- ધ્વજવંદન અને સાંસ્કુતિક કાર્યક્રમ બાદ  BSF ના જવાનો અને સ્વયમસેવકો દ્વારા સીમા સુરક્ષા દળ ના મેદાનમાં રાસ-ગરબા રમવામાં આવ્યા.







- બપોરે ૧૨.30 કલાકે જલોયા પ્રાથમિક શાળામાં પરત આવ્યા અને ૧.30 થી ૨.30 કલાક ભોજન કાર્યક્રમ ગોઠવવામાં આવેલ.





- સાંજે ૪.00 થી ૬.00 કલાક દરમિયાન ગામમાં ઘેર-ઘેર કચરો ઉઘરાવો અભિયાન અને રાત્રે શિબિર સમાપન કાર્યક્રમમાં હાજર રહેવા ગ્રામજનોને આમંત્રણ અપાપવામાં આવ્યું.



- રાત્રે ૭.૩૦ કલાકે ભોજન કાર્યક્રમ બાદ, ૯.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમિયાન શિબિર સમાપન કાર્યક્રમ યોજવામાં આવ્યો. શિબિર સમાપન કાર્યકરમાં મુખ્ય મહેમાન તરીકે TDO શ્રી કેસરભાઈ ઉપલાણા અને અતિથિ વિષેશ તરીકે સરપંચ શ્રી થાનાજી કાજાજી ડોડીયા, નાયબ સરપંચ શ્રી નાગજીભાઇ ખોગાભાઈ ઠાકોર, જલોયા દૂધ ઉત્પાદક મંડળીના મંત્રી શ્રી મૂળજીભાઇ રામજીભાઇ ડોડીયા તથા સૂઈગામ તાલુકા પંચાયત ના સ્ટાફે હાજરી આપી. TDO શ્રી કેસરભાઈ ઉપલાણા નું મોમેન્ટો થી સ્વાગત કરવામાં આવ્યું અને TDO સાહેબ, સરપંચશ્રી તથા નાયબ સરપંચશ્રી એ પ્રસંગ ને અનુરૂપ પોતાનું વ્યક્તવ્ય આપ્યું.





- શિબિર સમાપન કાર્યક્રમમાં શ્રેષ્ઠ સ્વતંસેવક નું ઈનામ ભાઈઓમાં બારિયા સંજયકુમાર ડી. અને બહેનોમાં પટેલ આશાબેન એમ. ને TDO સાહેબ તથા સરપંચશ્રી ના હસ્તે આપવામાં આવ્યું.







- શ્રેષ્ઠ સ્વતંસેવક ના ઈનામ બાદ ગ્રામજનો અને સ્વયંસેવકોએ શિબિર અંગે પોતાના મંતવ્યો રજૂ કર્યા અને રાત્રે ૧૧.૦૦ કલાકે શિબિર સમાપન કાર્યક્રમ પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવ્યો.
- રાત્રે ૧૧.૦૦ કલાકે સ્વયંસેવકો સાથે મિટિંગ યોજવામાં આવી, પ્રાથના કરવામાં આવી અને ત્યાર બાદ રહેઠાણ વ્યવસ્થાએ સ્વયંસેવકો આરામ માટે ગયા.

## (૭) <u>તા. ૧૬ ઓગષ્ટ 201૭ - બુધવાર</u>:

- સવારે ૫.30 થી ૮.00 કલાક દરમિયાન પ્રભાત ફેરી, યોગ, ચા – નાસ્તો, પ્રાથના સભા, શાળાના મેદાન ની સફાઈ અને સ્નાનાદિ પ્રવૃતિ નું આયોજન કરવામાં આવ્યું.




- સવારે ૮.30 કલાકે ગામમાં વિદાઇ રેલી યોજવામાં આવી.



- વિદાઇ રેલી બાદ સવારે ૧૨.30 કલાકે ભોજન કાર્યક્રમ યોજવામાં આવ્યો અને ભોજન કાર્યક્રમ બાદ બપોરે ૨.00 કલાકે મહેસાણા તરફ આવવા આઇસર અને ગાડી માં નીકળ્યા. મહેસાણા સાંજે ૬.30 કલાકે પહોચ્યા અને એન.એસ.એસ. યુનિટ ની ખાસ શિબિર પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.